# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૦૨ તા.૨૯-૧૨-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૯ની ક્વિઝ સ્પર્ધા યોજવા અંગે.

સંદર્ભ :- (૧) ક્રમાંક : ઈએલસી-૧૦૨૦૧૮-૫૧૨૪-છ(SVEEP) ઉપસચિવશ્રી, મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી,ગાંધીનગરનો તા.૧૧-૧૨-૧૮નો પત્ર.

(૨) નં.ઈએલઆર/NVD/ક્વિઝ સ્પર્ધા/૨૦૧૮ તા.૧૨-૧૨-૧૮નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તા.૨૫-૧-૧૯ના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસ -૨૦૧૯ની ઉજવણી થનાર છે. સદર ઉજવણીના ભાગરૂપે દર વર્ષની જેમ આ વર્ષે પણ તારીખ ૧૫ થી ૨૧ જાન્યુઆરી ૨૦૧૯ દરમ્યાન પ્રાથમિક શાળાઓમાં ધો.૬ થી ૮માં અભ્યાસ કરતાં બાળકો વચ્ચે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવાનું છે. જે અંતર્ગત નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૧. તા.૧૫-૧-૧૯ થી તા.૨૧-૧-૧૯ દરમ્યાન તમારી શાળામાં ક્વિઝ હરીફાઈનું આયોજન કરવું.

૨. ક્વિઝ ફકત શાળાના ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓ પૂરતી રાખવાની છે.

૩. ક્વિઝ માટેના પ્રશ્નો પરીક્ષા યોજવાના એક અઠવાડીયા અગાઉ ગુજરાતી તથા અંગ્રેજીમાં તૈયાર કરાવી મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીમાંથી જિલ્લાને મોકલી આપવામાં આવશે. ઉપરાંત શાળાકક્ષાએ અભ્યાસક્રમમાં સમાવિષ્ટ હોય તેવા ૧૨ થી ૧૫ પ્રશ્નો ઉમેરી શકાશે. ક્વિઝ માટે કુલ ૫૦ પ્રશ્નોનો ઉપયોગ કરવાનો રહેશે.

૪. ક્વિઝ માટે ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓ પૈકી ૬ ટીમ બનાવવાની રહેશે. દરેક ટીમમાં ૨ વિદ્યાર્થી/વિદ્યાર્થીઓ રહેશે.

ઉપરોકત સૂચનાઓ થતા સામેલ સંદર્ભદર્શિત પત્રનો શબ્દસહ અમલ કરી ક્વિઝ સ્પર્ધા અંગેનું આયોજન તથા પૂર્વ તૈયારી કરાવશો.

બિડાણ :- સંદર્ભિત પત્ર-૧

તા.૨૯-૧૨-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

ELECTION
IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

# OFFICE OF THE
# CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE
General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંક-ઈએલસી-૧૦૨૦૧૮-૫૧૨૪-છ ( SVEEP)  તા. ૧૧-૧૨-૨૦૧૮

પ્રતિ,
સર્વે કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી

વિષય : રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૯
ક્વિઝ સ્પર્ધા યોજવા અંગે

શ્રીમાન,

રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૯ ની ઊજવણી તા.૨૫ મી જાન્યુઆરી,૨૦૧૯ ના રોજ ભારતના ચૂંટણી પંચની સુચનાનુસાર રાજ્યકક્ષાએ તથા જિલ્લા કક્ષાએ થનાર છે. સદર ઉજવણીના ભાગરૂપે દર વર્ષની જેમ આ વર્ષે પણ તારીખ ૧૫ થી ૨૧ જાન્યુઆરી,૨૦૧૯ દરમિયાન રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૬ થી ૮ માં અભ્યાસ કરતાં બાળકો વચ્ચે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવાનું રહે છે. સદર ક્વિઝ સ્પર્ધા યોજવા અંગેના પ્રશ્ન બેંક તેમજ 'આન્સર કી' આપના ઑફિશિયલ ઈ-મેઈલ એડ્રેસ પર ક્વિઝ યોજવાના એક અઠવાડિયા અગાઉ મોકલી આપવામાં આવશે, જે આપના જિલ્લા ના પ્રાથમિક શિક્ષણાધિકારી મારફતે બંધ કવરમાં દરેક પ્રાથમિક શાળાઓમાં આચાર્ય/વડાને મોકલવાનું રહેશે. ક્વિઝ સ્પર્ધા યોજતી વખતે આપના જિલ્લાની દરેક પ્રાથમિક શાળાઓમાં નીચેની બાબતોની કાળજી લેવામાં આવે તે મુજબ જણાવવાના વિનંતી છે.

- Quiz ફક્ત પ્રાથમિક શાળાના ધોરણ-૬ થી ૮ ના વિદ્યાર્થીઓ પૂરતી રાખવાની છે.
- આ સ્પર્ધા માટે ના પ્રશ્નો પરીક્ષા યોજવાના એક અઠવાડિયા અગાઉ ગુજરાતી અને અંગ્રેજીમાં તૈયાર કરાવી મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ની કચેરીમાંથી દરેક જિલ્લામાં મોકલી આપવામાં આવશે. ઉપરાંત,શાળા કક્ષાએ અભ્યાસક્રમમાં સમાવિષ્ટ હોય તેવા ૧૨ થી ૧૫ પ્રશ્નો ઉમેરી શકાશે. Quiz માટે કુલ-૬૦ પ્રશ્નોનો ઉપયોગ કરવાનો રહેશે
- Quiz માટે ધોરણ-૬ થી ૮ ના વિદ્યાર્થીઓ પૈકી ૬ ટીમ બનાવવાની રહેશે.દરેક ટીમમાં બે વિદ્યાર્થી/વિદ્યાર્થીઓ રહેશે.
- આપેલા પ્રશ્નો પૈકી ૧૦ પ્રશ્નોના ૬ સેટ તૈયાર કરવાના રહેશે અને દરેક ટીમ માટે અલગ અલગ સેટનો ઉપયોગ કરવાનો રહેશે. જુદી જુદી ટીમોમાં એકસરખા પ્રશ્નો પૂછવામાં ન આવે તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.
- Quiz જે તે સ્કૂલ કેમ્પસમાં યોજવાની છે અને સ્કૂલના તમામ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહે તે મુજબનું આયોજન કરવાનું છે.

- Quiz માં જે ટીમ માટે પ્રશ્નો નિયત કરવામાં આવે તે જે તે સ્કૂલ શિક્ષક દ્વારા બ્લેક બોર્ડ પર લખી વિદ્યાર્થીઓને પૂછવાના રહેશે.
- Quiz માં પુછવામાં આવનાર પ્રશ્નો ટીમના દરેક સભ્યને એટલે કે બે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને ક્રમાનુસાર પુછવાના રહેશે.જો ટીમનો એક વિદ્યાર્થી પૂછવામાં આવેલ પ્રશ્નનો જવાબ ન આપી શકે તેવા કિસ્સામાં પ્રશ્ન પાસ-ઓન કરવાનો રહેશે. જો બધી જ ટીમમાંથી કોઈપણ વિદ્યાર્થી પૂછાયેલ પ્રશ્નનો સાચો જવાબ ન આપી શકે તે સંજોગોમાં શિક્ષકે તે પ્રશ્નનો સાચો જવાબ આપવાનો રહેશે.
- Quiz નો મુખ્ય હેતુ લોકો ચૂંટણી પ્રક્રિયાથી અવગત થાય તેમજ શાળાના તમામ વિદ્યાર્થીઓની જાણકારી વધે તે હોઈ,ઉપસ્થિત દરેક વિદ્યાર્થી સમજી શકે તે મુજબની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
- ટીમવાર ૧૦ પ્રશ્નો પૈકી સૌથી વધુ સાચા જવાબ આપનારને ઊતીર્ણ ઘોષિત કરવાના રહેશે અને તેમને મતદાન મથકવાર યોજવામાં આવનાર રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૯ ના કાર્યક્રમ દરમિયાન પ્રમાણપત્ર તથા બેજ આપવાના રહેશે.

ઉપર્યુક્ત વિગતે તારીખ ૧૫ થી ૨૧ જાન્યુઆરી-૨૦૧૯ દરમિયાન યોજાનાર ક્વિઝ અંગેની જાણ આપના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મારફત અગાઉથી દરેક ધોરણ-૬ થી ૮ ના વર્ગો ધરાવતી ઉચ્ચ પ્રાથમિક શાળાના આચાર્યોને કરવામાં આવે તે મુજબનું આયોજન કરવા વિનંતી છે.વધુમાં,આ સાથે સામેલ પત્રક મુજબની આંકડાકીય માહિતી તથા ક્વિઝ અંગેના સ્પષ્ટ ફોટોગ્રાફ પણ અત્રે મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસું

(ઉપેન્દ્ર ત્રિવેદી)

ઉપ સચિવ

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી

ગુજરાત

બિડાણ : ઉપર મુજબ

# રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૯

## ક્વિઝ સ્પર્ધા અંગેની માહિતી

જિલ્લાનું નામ :

| ક્રમ | ક્વિઝમાં ભાગ લીધેલ શાળાનું નામ | ક્વિઝમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | | ક્વિઝ દરમિયાન કેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત હતાં? |
|---|---|---|---|---|---|
| | | વિદ્યાર્થીઓ | વિદ્યાર્થીનીઓ | કુલ | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| કુલ- | | | | | |